# રમાસ હાઈસ્કુલમાં રૂા.૧૪,૦૦૦ના ખર્ચે હિંચકાની ભેટ અપાઈ

## ફ્રી તાસમાં વિદ્યાર્થીઓ હિંચકે ઝૂલશે, મુંબઈ રહેતા શ્રેષ્ઠી દ્વારા પુત્રના જન્મ દિને અનોખી ભેટ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

બાયડ તાલુકાની રમાસ હાઈસ્કુલના વિદ્યાર્થીઓ ફ્રી તાસમાં હિંચકે ઝૂલી શકે તે માટે મુંબઈ રહેતા ગામના શ્રેષ્ઠી ઈન્દ્રવદન વી. શાહ દ્વારા તેમના વિદેશ રહેતા પુત્ર રવિ શાહના જન્મ દિવસની ઉજવણી પ્રસંગે રૂા.૧૪,૦૦૦ના ખર્ચે હિંચકાની ભેટ આપવામાં આવી છે. શ્રેષ્ઠી દ્વારા હિંચકાની ભેટ આપી હાઈસ્કુલમાં હિંચકો ગોઠવવામાં આવતાં વિદ્યાર્થીઓમાં આનંદ છવાયો છે.



આજના યુગમાં જન્મ દિવસની ઉજવણી પાછળ ખોટા ખર્ચા થઈ રહ્યા છે. મોંઘવારીના યુગમાં કરકસરપૂર્વક એક તરફ જીવન જીવવા માટે ગરીબ-મધ્યમ વર્ગ પરિવારો જરૂરીયાતો ઉપર કાપ મૂકી રહ્યાં છે ત્યાં જન્મ દિવસની ખર્ચાળ ઉજવણીઓ થતી હોય છે પરંતુ ક્યારેક જન્મ દિવસની ઉજવણી પ્રસંગે આપવામાં આવતી ભેટ કાયમી સંભારણારૂપ બની જતી હોય છે. તાલુકાના રમાસ ગામના વતની અને મુંબઈ રહેતા ઈન્દ્રવદન શાહનો પુત્ર રવિ શાહ હાલ ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન શહેરમાં સ્થાયી થયો છે. તાજેતરમાં તેનો જન્મ દિવસ હોવાથી શાહ પરિવાર દ્વારા તેની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી જેમાં કેક તેમજ ખાણી-પીણી પાછળ રૂપિયાનો બગાડ કરવાને બદલે પરિવાર દ્વારા રમાસ હાઈસ્કુલમાં રૂા.૧૪,૦૦૦ની કિંમતે હિંચકાની ભેટ આપી જન્મ દિવસને યાદગાર બનાવી દીધો છે. હાઈસ્કુલમાં હિંચકો ગોઠવી શાહ પરિવારે અન્ય લોકોને નવી પ્રેરણા પૂરી પાડતાં હાઈસ્કુલના આચાર્ય ઉન્મેષભાઈ પટેલ, શાળા પરિવાર અને શ્રી નવયુવક કેળવણી મંડળ-રમાસે આનંદ અનુભવી શાહ પરિવારનો આભાર માન્યો હતો.

# અરવલ્લી જિલ્લામાં ૧૫ વર્ષ જૂનાં ફીટનેશ ટેસ્ટમાં અનફીટ હજારો વાહનો સ્ક્રેપમાં જશે..!!

## એસ.ટી.ની ખખડધજ બસો પણ ભંગારમાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

કેન્દ્ર સરકારે વાહનો માટે નવી સ્ક્રેપ નીતિ અમલમાં મૂકી છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૧૫ વર્ષ જૂનાં હજારો વાહનો ફીટનેશ ટેસ્ટમાં અનફીટ રહ્યાં તો ભંગારમાં જવાની શક્યતા છે. ફીટનેશ સર્ટીફીકેટની ચકાસણી પછી પરીક્ષણમાં નિષ્ફળ ગયેલાં વાહનોનું રજીસ્ટ્રેશન રદ કરી ભંગારમાં મોકલવામાં આવશે તેવી કાયદાકીય જોગવાઈના કારણે જિલ્લામાં એસ.ટી.ની ખખડધજ બસો પણ ભંગારમાં જઈ શકે છે. બંન્ને જિલ્લામાં એક અંદાજ અનુસાર ૧૫ વર્ષ જૂનાં ૧૯,૦૦૦થી પણ વધુ વાહનો માર્ગો ઉપર દોડી રહ્યાં છે અને પ્રદૂષણ માટે તે અત્યંત નુકસાનરૂપ બની જતાં આગામી ટૂંક સમયમાં આવાં વાહનો ફીટનેશમાં નિષ્ફળ જવાથી સ્ક્રેપમાં મોકલવામાં આવશે.



કેન્દ્ર સરકારના માર્ગ અને પરીવહન મંત્રાલય દ્વારા વાહનોના ઉપયોગ અંગેની નવી પોલીસી જાહેર કરવામાં આવી છે જેમાં લાંબો સમય સુધી ઉપયોગ કરાયો હોય તેવા તમામ ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર, ટેમ્પો અને ફોર વ્હીલરમાં કોમર્શિયલ વ્હીકલો બિન ઉપયોગી બની શકે છે. જિલ્લામાં ૧૫ વર્ષ જૂનાં વાહનોના ફીટનેશ ચકાસવા માટે ખાસ સેન્ટર શરૂ કરવામાં આવશે જેથી જૂનાં વાહનો માટે ફીટનેશ સર્ટીફીકેટ ફરજીયાત બની જશે. અનફીટ થયેલા વાહનોને માર્ગો ઉપર દોડવાની મંજૂરી નહીં મળે અને તે ભંગારમાં મોકલવામાં આવશે. ટેસ્ટમાં ફેલ થનાર વાહનનું આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન તાત્કાલિક રદ કરી દેવામાં આવશે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં હાલની સ્થિતિએ ૧૯,૦૦૦થી વધુ ૧૫ વર્ષ જૂનાં વાહનો જેમાં રીક્ષા, ટુ-વ્હીલર, કાર, ટેમ્પો, ટ્રક, ટ્રેક્ટર સહિતના વાહનોનો ૧૫ વર્ષથી વધુનો સમય પૂર્ણ થયો હોવાથી ટેસ્ટ ફરજીયાત બની જશે. ટૂંકમાં વર્ષ-૨૦૦૬ પહેલાં રજીસ્ટ્રેશન થયેલા તમામ વ્હીકલો ૧૫ વર્ષ જૂના ગણવામાં આવશે. કેન્દ્ર સરકારે જૂનાં વાહનો મુદ્દે નવી નીતિ અમલમાં મૂકી તે પર્યાવરણ માટે ફાયદારૂપ છે પરંતુ જિલ્લાના પોલીસ મથકોમાં વર્ષોથી ગુનાહીત પ્રવૃત્તિમાં પકડાયેલા વાહનો અત્યંત ભંગાર હાલતમાં ફેરવાયેલાં છે જેથી સરકાર દ્વારા તેના નિકાલ માટે પણ સ્ક્રેપ નીતિ અમલમાં મૂકવી જોઈએ તેવો સૂર ઉઠ્યો છે.

# અરવલ્લી જિલ્લામાં વાહનોની નંબર પ્લેટ બનાવનાર વ્યક્તિઓએ વાહનોના જરૂરી પુરાવા લેવા ફરજીયાત

બાયડ તા.૧૯

તાજેતરમાં સમગ્ર રાજ્ય અને રાષ્ટ્રમાં ત્રાસવાદી પ્રવૃતિઓમાં દિન-પ્રતિદિન વધારો થતો હોવાનું જણાયેલ છે. ગુજરાત રાજ્યમાં અમદાવાદ, મોડાસા શહેર(અરવલ્લી), તેમજ બેગ્લોર, મુંબઈ અને દિલ્હી જેવા વિવિધ શહેરોમાં ત્રાસવાદી હુમલાનાબનાવો બનેલ છે. ત્રાસવાદી/અસામાજિક તત્વો વાહનો મારફતે મુસાફરી કરી શહેર વિસ્તારમાં ગુપ્ત આસરો મેળવી ત્રાસવાદી પ્રવૃતિ આચરી જાહેર સલામતી અને શાંતિનો વ્યાપકપણે ભંગ કરેલ છે. તેમજ લોકોનો જાન-માલની પણ મોટા પાયે ખુવારી કરી ગુના આચરી વાહનો મારફતે નાસી છૂટતા હોય છે. અમદાવાદ શહેરમાં થયેલ શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટોમાં ફોર વ્હીલર વાહનોમાં મોટા જથ્થામાં એક્ષપ્લોઝીવ પદાર્થો રાખી સિવિલ હોસ્પિટલ અને એલ.જી હોસ્પિટલ અમદાવાદ ખાતે બોમ્બ ધડાકા કરવામાં આવેલ છે. આંતકવાદી જૂથો અને સંસ્થાઓ તેમજ રાષ્ટ્રદ્રોહી તત્વો દ્વારા રાજ્યના અથવા અન્ય રાજ્યના વાહનો ચોરી તેની પર ખોટા નંબરો લગાવી લૂંટ અને ધાડના બનોવો આચરી ભંડોળ એકત્રીત કરી તે ભંડોળનો રાષ્ટ્ર વિરૂધ્ધની પ્રવૃતિ સારૂ ઉપયોગ કરેલાનું જણાઈ આવેલ છે. તાજેતરમાં મિલ્કત સંબધી ગુન્હાઓનું પ્રમાણ પણ વધવા પામેલ હોય ગુનેગારો આવા ગુનાને અંજામ આપી ગુનાના સ્થળેથી વાહન મારફતે અન્ય જિલ્લા તેમજ રાજ્ય બહાર નાસી જાય છે. આવા ત્રાસવાદી/અસામાજીકલ તત્વોએ વાહન મારફતે મુસાફરી કરી હોય તેની વિગતો બનાવ પછી મળે છે પરંતુ વાહનની પાકી ઓળખ પ્રસ્થાપિત થઈ શકતી નથી જેનો લાભ ગુનેગારોને મળે છે.

હાલના પ્રવર્તમાન સંજોગો અને




આતંકી સંગઠનો અને રાષ્ટ્ર વિરોધ તત્વો ધ્વારા ઉક્ત જણાવેલ સંજોગોમાં જિલ્લામાં વાહનોની નંબર પ્લેટ બનાવનાર /ચીતરનાર વેપારીઓ આવનાર માલીક (ગ્રાહક) ની પસંદગી મુજબ વાહનોની નંબર પ્લેટો તેમજ અમુક ચોક્કસ પ્રકારના સીમ્બોલવાળા સ્ટીકર કે લખાણ બનાવતા હોય છે. જેથી વાહનો પર નંબર પ્લેટ બનાવનાર/ચીતરનારાઓ પર તેઓની કામગીરી અંગે અંકુશ,નિયંત્રણ દેખરેખ રાખવી રાષ્ટ્ર હિતમાં હોઈ જેનાથી આવા ત્રાસવાદી કૃત્યો કરનાર ગુનેગારો સુધી પહોંચી શકાય છે. અને આવા બનાવો બનતાં ગુનેગારને પકડવામાં સરળતા રહેશે.

જિલ્લામાં વાહનોની નંબર પ્લેટ બનાવનાર/ચીતરનાર/સંસ્થા/દુકાનદાર/વ્યક્તિઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતિ સલામતી અને દેશની સુરક્ષાના હિતના પરીપ્રેક્ષ્યમાં થોડાક સુચનો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

પ્રદીપસિંહ રાઠોડ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અરવલ્લી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાનાં હદ વિસ્તાર માટે આ પ્રમાણેના નિયમોનું પાલન કરવું,

જેમ કે વાહનોની નંબર પ્લેટ બનાવનાર/ચીતરનાર સંસ્થા/દુકાન/વ્યક્તિઓએ પ્રાદેશીક વાહન વ્યવહાર અધિ.શ્રી બહાર પાડેલ નિતી-નિયમ મુજબની જ નંબર પ્લેટ બનાવવાની રહેશે. તે સિવાય કોઈ ફેન્સી પ્રકારના નંબરો વાળી નંબર પ્લેટ બનાવવી નહીં, વાહનોની નંબર પ્લેટ બનાવનાર/ચીતરનાર સંસ્થા/દુકાનદાર/વ્યક્તિઓએ વાહન માલીક તથા ગ્રાહકનું નામ,સરનુમું,સંપર્ક નંબર, વાહનનો પ્રકાર રજીસ્ટ્રેશન નંબર, વાહનના આર.સી.બુકની નકલ મેળવેલ છે ક કેમ,વાહન માલીક તથા ફોટા આઈ.ડી. પ્રુફની વિગત, વાહન ઉપર અન્ય કોઈ સ્ટીકર/લખાણ બનાવી લગાડેલ હોય તો તેની વિગત વાહનોની નંબર પ્લેટ બનાવનાર/ચીતરનાર સંસ્થા/દુકાનદાર/વ્યક્તિઓએ કોઈ પણ પોલીસ અધિકારી તરફથી માંગણી કરવામાં આવે ત્યારે આ તમામ વિગતો આપવાની રહેશે.

આ હુકમ તા.૧૯ ઓગસ્ટ ૨૦૨૧ થી ૧૭ ઓક્ટોમ્બર ૨૦૨૧ સુધી ૬૦ દિવસ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

## બાયડ તાલુકામાં પોલીસને જુગારીયાઓનો પડકાર

# રમોસ-ચોઈલામાંથી જુગાર રમતાં ૧૬ ખેલી ઝડપાયા

## પોલીસની રેડમાં મામૂલી રકમ જપ્ત થતાં આશ્ચર્ય

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

બાયડ તાલુકામાં શ્રાવણના આરંભ સાથે જુગારીયાઓ પોલીસ માટે પડકાર રૂપ બન્યા છે. જુગારની બદીએ માજા મૂકતાં ઉચ્ચ કક્ષાએથી અપાયેલા આદેશને પગલે જુગાર રમતા શકુનીઓને પકડવા પોલીસ દોડતી થઈ છે. ગત રોજ તાલુકાના રમોસ અને ચોઈલામાં પોલીસે ત્રાટકી કુલ-૧૬ જુગારીયાઓને ઝડપી લોકઅપમાં ધકેલ્યા છે. જુગારના બંન્ને કેસમાં પોલીસે રૂા.૨૮૬૦ની જુગારની મામૂલી રોકડ જપ્ત કરતાં આશ્ચર્ય ઉભું થયું છે. બનાવ અંગે આંબલિયારા અને બાયડ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

જિલ્લામાં પોલીસે અંદરખાને જુગારધામો ધમધમતા કરવાની છુટ્ટી આપી હોય તેમ જુગારધામો ધમધમવા લાગ્યાં છે. શ્રાવણિયા જુગાર સાથે વરલી મટકાના આંકડાનો જુગાર પણ ચરમસીમાએ પહોંચ્યો છે. તાલુકાના રમોસમાં વાત્રક નદીના કિનારે ખુલ્લામાં હારજીતનો જુગાર શરૂ થતાં અનેક જુગારીયા આ સ્થળે ચોપાટ માંડીને રમવા બેસી જતા હતા જેમાં તા.૧૮ના રોજ સ્થાનિક પોલીસે ઓચિંતિ મળી હોય તેમ જુગાર સ્થળે ત્રાટકતાં રૂા.૧૨૮૦ ની રોકડ રકમ સાથે ૧૨ જુગારી ઝડપાઈ ગયા હતા. બીજા બનાવમાં બાયડ પોલીસે તાલુકાના ચોઈલામાં ઈન્દીરાનગર વિસ્તારમાં બળીયાદેવ મંદિર પાસે જુગાર રમાતો હતો તે સ્થળે છાપો મારતાં ૪ જુગારી રૂા.૧૫૩૦ ની રોકડ સાથે ઝડપાયા હતા. જુગારની રેડ દરમ્યાન પોલીસે કુલ-૧૬ જુગારીયાઓને રંગેહાથે ઝડપી લેતાં જુગારના ખેલી અંદરખાને ફફડી ઉઠ્યા છે.

**ઝડપાયેલા જુગારીયા..**

પદમસિંહ રણજીતસિંહ ઝાલા
નજીરમીયાં સિપાઈ(શેખ)
ઉદાભાઈ મંગાભાઈ ખાંટ
ગાંડાભાઈ પૂંજાભાઈ પરમાર
દિનેશ ચંદુભાઈ પરમાર
જાબીરખાન સુલતાનખાન પઠાણ
સુનિલ બકાભાઈ દેવીપૂજક
માધાભાઈ દેવીપૂજક
વિજયભાઈ માંનાભાઈ ખાંટ
નરસિંહભાઈ જવાનભાઈ ખાંટ
દેવસિંહ અરવિંદભાઈ દેવીપૂજક
મહેન્દ્રભાઈ ઉર્ફે ચકો દેવીપૂજક
(તમામ રહે.રમોસ, તા.બાયડ)
સાબીરમીયાં દાદુમીયાં સિપાઈ
હાર્દિક અરવિંદભાઈ ઠાકોર
દિપક દેવાભાઈ ચૌહાણ
દિપક બાબરભાઈ પરમાર
(તમામ રહે.ચોઈલા, તા.બાયડ)

# મોડાસા ખાતે ટુ તથા ફોર વ્હીલર વાહનની સીરીઝના નંબરોની જાહેર હરાજી કરાશે

બાયડ તા.૧૯

અરવલ્લી જીલ્લાની મોટરિંગ જનતાને સરકારશ્રીના મોટર વાહન ખાતાના તા ૧૨ ઓક્ટોમ્બર ૨૦૧૭ના પરિપત્ર મુજબ હવે અગાઉ મેન્યુઅલ ચાલતી ઓક્શન પ્રક્રિયાને બંધ કરી સરળ, નિષ્પક્ષ, પારદર્શક અને ઝડપી ઓનલાઈન ઈ-ઓક્શન પ્રક્રિયાનું અમલીકરણ કરવાનું થયું છે.

જેના ભાગરૂપે એ આર.ટી.ઓ મોડાસામા ટુ વ્હીલર તથા ફોર વ્હીલર વાહનો માટે શરુ થયેલ નવી સીરીઝ ય્ત્ર.૩૧.ઁ, ય્ત્ર.૩૧.ર અને ય્ત્ર.૩૧.ક્ર ૦૦૦૧ થી ૯૯૯૯ નંબરો માટેની ઓનલાઈન ઈ-ઓક્શન પ્રક્રિયા માટે પસંદગી નંબર મેળવવા ઈચ્છતા વાહન માલિકોને તેમના વાહનનું રજીસ્ટ્રેશન કરાવીને પસંદગી નંબર મેળવવા આગામી તારીખ ૧૭ ઓગસ્ટ ૨૦૨૧ થી ૨૨ ઓગસ્ટ ૨૦૨૧ સુધી પાયાની રકમ ઓનલાઈન ભરી ઓનલાઈન એપ્લીકેશનમાં અરજી કરવાની રહેશે. તા.૨૩ ઓગસ્ટ ૨૦૨૧ થી સવારે ૧૦.૦૦ થી સાંજે ૦૪.૦૦ સુધી વાહન માલિકોએ પોતે પસંદ કરેલ નંબર માટેની ઓક્શન પ્રક્રિયામાં ઓનલાઈન બિડિંગમાં ભાગ લેવાનો રહેશે.

**નંબર મેળવવા ૨૨ ઓગસ્ટ સુધી પાયાની રકમ ઓનલાઈન ભરી ઓનલાઈન એપ્લીકેશનમાં અરજી કરવાની રહેશે**

આ બિડિંગ પ્રક્રિયામાં અરજદાર પસંદ કરેલ નંબર ટુ-વ્હીલર માટે રૂ.૨૦૦૦/- અને ફોર વ્હીલર માટે રૂ.૮૦૦૦/- ના ગુણાંકમાં બિડાણ કરવાની રહેશે.તા.૨૪ ઓગસ્ટ ૨૦૨૧ ના રોજ સાંજે ૦૫.૦૦ કલાકે ઓનલાઈન હરાજીમાં સફળ થયેલ ઉમેદવારને નંબર ફાળવી દેવામાં આવશે. જેની જાણ તેમને નોંધણી વખતે આપેલ મોબાઈલ નંબર અને ઈ-મેઈલ પર કરવામાં આવશે.એમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# ખેડબ્રહ્મામાં ચેક રીટર્ન કેસમાં આરોપીને એક વર્ષની કેદ ફટકારતો ચૂકાદો

## બેન્કમાંથી લોન લઈ ભરપાઈ ન કરનારાઓ માટે ચેતવારૂપ કિસ્સો

ખેડબ્રહ્મા, તા.૧૯

ખેડબ્રહ્માની એડીશનલ ચીફ જ્યુડીશીયલ કોર્ટે ગુજરાત ગ્રામીણ બેન્ક-ખેડબ્રહ્મા શાખામાંથી ટ્રેક્ટર માટે લોન મેળવ્યા પછી ભરપાઈ ન કરનાર જેઠાભાઈ વેલાભાઈ ખાંટને ચેક રીટર્ન કેસમાં ૧ વર્ષની સાદી કેદ અને ૬ લાખ રૂા.નો દંડ ફટકારતાં બેન્કમાંથી લોન લઈ ભરપાઈ ન કરનારાઓમાં સન્નાટો વ્યાપ્યો છે.



પ્રાપ્ત જાણકારી મુજબ તાલુકાના બોરડી ગામના જેઠાભાઈ ખાંટે ખેડબ્રહ્માની ગુજરાત ગ્રામીણ શાખામાંથી રૂા.૩,૯૫,૦૦૦ ટ્રેક્ટર માટે લોન લીધી હતી જેમાં સમયસર લોનના હપ્તા ભરપાઈ કર્યા ન હોવાથી શાખાના અધિકારી દ્વારા વારંવાર લોન ભરવા માટે જણાવવામાં આવતાં જેઠાભાઈ ખાંટે શાખાના બેન્ક મેનેજરને હિસાબ સમજી લોનનું તમામ બાકી દેવું ભરપાઈ કરવાનું કહી રૂા.૬ લાખનો ચેક આપ્યો હતો જે ચેક શાખા મેનેજર દ્વારા ભરવામાં આવતાં અપૂરતા બેલેન્સને કારણે પરત ફર્યો હતો જેથી બેન્ક દ્વારા ચેક પરત ફરવાના કિસ્સામાં બેન્કના બાકીદાર સામે પોલીસ ફરિયાદ આપવામાં આવી હતી. જે કેસ ખેડબ્રહ્માની કોર્ટમાં ચાલી જતાં બેન્કના વકીલ વિરલ કે. વોરા અને કમલ આઈ. પંડ્યાની દલીલોને નામદાર કોર્ટે ગ્રાહ્ય રાખી ચેક પરત ફરવાના કેસના આરોપીને કસૂરવાર ઠરાવી ૧ વર્ષની સાદી કેદ અને રૂા.૬ લાખનો દંડ ચૂકવવાનો હૂકમ કર્યો છે. આરોપી દંડની રકમ ભરવામાં કસૂર કરે તો વધુ ૧ માસની કેદની સજા ભોગવવાનો પણ કોર્ટ દ્વારા હૂકમ કરવામાં આવતાં છેલ્લા ઘણા સમયથી બેન્ક પાસેથી લોન લઈ હપ્તા ભરવામાં હાથ ઉંચા કરનારા ઈસમો માટે ખેડબ્રહ્મા કોર્ટનો ચૂકાદો ચેતવણીરૂપ બન્યો છે.

# જુનાડીસા ગ્રામ પંચાયતના તત્કાલીન તલાટીને માહિતી આયોગે દંડ ફટકાર્યો

## અરજદારને માહિતી ન આપવા બદલ તત્કાલીન તલાટીને ૧૦ હજારનો દંડ : રાજ્ય માહિતી આયોગના આદેશથી તલાટી આલમમાં ફફડાટ

ડીસા, તા.૧૯

ડીસા તાલુકાના જુનાડીસા ગામના અરજદાર એ. એન. ઘાસુરાએ માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ ના કાયદા અન્વયે ગ્રામ પંચાયતના તત્કાલિન તલાટી કમ મંત્રી ગીરીશભાઈ એન. પટેલ પાસે નમુના -ક ની અરજીથી જુનાડીસાના બિન ખેતી સરવે નંબર ૧૧૪૯ અને ૧૧૫૦ પૈકી એક પ્લોટના બાંધકામ બાબતે જરૂરી મંજૂરીના કેટલાક કાગળોની માંગણી કરેલ પરંતુ તલાટીએ માહિતી પૂરી ના પાડીને આંખ આડા કાન કરી લીધા હતા. જેથી અરજદાર નારાજ થઈને પ્રથમ અપીલ અધિકારી તાલુકા વિકાસ અધિકારી ડીસાને અપીલ કરીને દાદ માગી હતી તેમ છતાં તલાટી કાયદાને ઘોળીને પી ગયા અને માહિતી આપેલ નહીં. તેથી અરજદારે રાજ્ય માહિતી આયોગ ગાંધીનગરમાં નિયમ પ્રમાણે અપીલ કરીને ન્યાય માટે વિનંતી કરેલ. વાદી -પ્રતિવાદીનો કેસ રાજ્ય માહિતી આયોગમાં ચાલી રહ્યો હતો તે દરમિયાન પણ આયોગે તલાટીને માહિતી પુરી પાડવાનો આદેશ કર્યો હતો પરંતુ તલાટીએ ઉચ્ચ કક્ષાએથી અપાયેલા આદેશની પણ અવગણના કરીને અરજદારને આ માહિતીથી વંચિત રાખ્યા હતા.આથી આયોગે ન્યાયના હિતમાં ગંભીરતાથી વિચારી અપીલ નંબર અ ૨૧૧૪-૨૦૨૦ અન્વયે કેસ ચલાવી અરજદારને ન્યાય અપાવી જાહેર માહિતી અધિકારી અને તલાટી કમ મંત્રી ગીરીશભાઈ ગિરીશભાઈ પટેલને રૂ.૧૦,૦૦૦ નો દંડ ફટકારી આગામી ૩૧ ઓગસ્ટ ૨૦૨૧ પહેલા દંડની રકમ જમા કરાવવાનો પણ આદેશ કર્યો છે. માહિતી આયોગના આદેશના પગલે તલાટી આલમમાં ફફડાટ ફેલાયો છે.

